# મે. સુરતના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.

**સેશન્સ કેસ નંબર : ૨૩/૨૦૧૬.**

**ફરિયાદી :- ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિરૂદ્ધ**

**આરોપી :- હાજી ઉર્ફે સલીમ હાસમભાઇ સમા (સિંધી મુસ્લિમ),**
મૂળ રહેવાસી : કચ્છ, આધોય ગામ,
તાલુકો : ભચાઉ, જીલ્લો : કચ્છ.
હાલ રહેવાસી : અમદાવાદ, ફતેવાડી, ઘર નંબર : ૩,
રસીના કારખાનાની બાજુમાં,
ઈમ્તિયાઝભાઈના મકાનમાં, નસીમ પાર્લર રોડ,
તાલુકો-જીલ્લો : અમદાવાદ.

**આક્ષેપિત ગુનો :- ભારતીય દંડ સંહિતાની કલમ-૩૯૪, ૩૨૮, ૩૪૨, ૪૧૧ મુજબ.**

**-:: ચુ કા દો::-**

(૧) આ કામના આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૯૪, ૩૨૮, ૩૪૨, ૪૧૧ મુજબના ગુનાનો આક્ષેપ છે.

(૨) આરોપી સામેના કેસની ટૂંકમાં હકીકત જોવામાં આવે તો તે એ મુજબની છે કે, તારીખ : ૦૩/૦૮/૨૦૧૪ ના કલાક ૧૭:૦૦ થી તારીખ : ૦૪/૦૮/૨૦૧૪ ના કલાક : ૧૦:૦૦ દરમ્યાન હર કોઈ વખતે માંડવી-ઝંખવાવ રોડ, ફેદરીયા ગામની સીમમાં, રાજુ મારવાડીના ગોળના કોલાની પાસે આ કામના આરોપીએ ફરિયાદી ઉકાભાઇ મોહનભાઇ કછોટીયાના ભાણેજ જગદીશભાઇ કચરાભાઇ ભરવાડને ફેરાના બહાને ઉમરપાડા ગામે જવાનું છે તેવું કહી તેની ગેરકાયદેસર અટકાયત કરી, તેને બેહોશ કરનારી કે નશો ચઢાવનારી કોઇ ઔષધ કે અન્ય કોઇ પદાર્થ

પીવડાવી, શરીરે, મોઢાના ભાગે, માથાના ભાગે તથા શરીરે ઈજાઓ પહોંચાડી જગદીશભાઇ ભરવાડે જમણા હાથમાં પહેરેલ ચાંદીનું કડુ કિંમત રૂા.૨૦,૦૦૦/-, સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન કિંમત રૂા.૫,૦૦૦/-, રિક્ષા નંબર : જી.જે.-એ.ઝેડ.૭૬૪૫ કિંમત રૂા.૭૦,૦૦૦/- મળી કુલ્લે રૂા.૯૫,૦૦૦/- ની મત્તાની લૂંટ કરેલ અને ઈજા પામનારના હાથમાંથી લીધેલ ચાંદીનું કડુ લૂંટ કરેલ હોવાનું જાણવા છતાં સદર ગુનાના અન્ય આરોપી ઉમંગભાઇ કોટકનાએ તે ચાંદીનું કડુ ખરીદ કરેલ. આ બનાવ અંગે ફરિયાદી ઉકાભાઇ મોહનભાઇ કછોટીયાએ માંડવી પોલિસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં માંડવી પોલિસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નંબર : ૧૩૭/૨૦૧૪ થી ગુનો નોંધવામાં આવેલ.

(૩) ત્યાર બાદ તપાસનીશ અધિકારીએ સદર ગુનાના કામે તપાસ કરેલ અને તપાસના અંતે આ કામના આરોપી તથા અન્ય આરોપી ઉમંગભાઇ અરવિંદલાલ કોટક (ઠક્કર)નાઓ વિરૂદ્ધ પૂરતાં પુરાવા જણાતાં ભારતીય દંડ સંહિતાની કલમ-૩૯૪, ૩૨૮, ૩૪૨, ૪૧૧ મુજબના ગુનાઓનું ચાર્જશીટ માંડવીના વિ. જયુ.મેજી.ફ.ક.શ્રીની કોર્ટમાં દાખલ કરેલ, જે ચાર્જશીટ ફોજદારી કેસ નંબર : ૧૦૮૩/૨૦૧૫ થી નોંધાયેલ.

(૪) ત્યાર બાદ માંડવીના વિ. મેજીસ્ટ્રેટશ્રી દ્વારા આરોપીઓ વિરૂદ્ધના ગુનાઓની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા નામ. સેશન્સ કોર્ટને હોવાથી ક્રિમિ. પ્રોસી. કોડની કલમ-૨૦૯ ની જોગવાઇ અન્વયે આરોપીઓ સામેનો ફોજદારી કેસ અત્રેની એડીશ્નલ સેશન્સ કોર્ટ, બારડોલી તરફ કમીટ કરવામાં આવેલ, જેને સેશન્સ કેસ નંબર : ૨૩/૨૦૧૬ આપવામાં આવેલ.

(૫) આ કામના આરોપી અન્ય ગુનાના કામે રાજકોટ જેલમાં છે. આરોપીને હાલના કામે હાજર રાખવા યાદી કરવામાં આવેલ, જે આધારે આરોપીને આજ રોજ અદાલત સમક્ષ હાજર રાખવામાં આવેલા. ક્રિમિ. પ્રોસી. કોડની કલમ-૨૦૭ અન્વયે ચાર્જશીટના કાગળો વિના મૂલ્યે મળ્યા અંગેની ખાતરી કર્યા બાદ આરોપીઓ સામે આંક : ૨૭ થી તહોમતનામું ફરમાવી, આરોપીઓને તે વાંચી સંભળાવી, સમજાવી આરોપીઓની અનુક્રમે

આંક : ૨૮ અને આંક : ૨૯ થી ૫લી નોંધવામાં આવતાં આરોપી નંબર : ૧ હાજી ઉર્ફે સલીમ હાસમભાઇ સમા (સિંધી મુસ્લિમ)નાએ ગુનો કબૂલ હોવાનું જણાવેલ છે અને બીજી કોઇ હકીકત તેઓએ જણાવેલ નથી. જયારે આરોપી નંબર : ૨ ઉમંગભાઈ કોટકનાઓએ ગુનો કબૂલ ન હોવાનું જણાવેલ છે.

(૬) આમ, હાલના આરોપીએ ગુનો કબૂલ કરેલ છે. આરોપીએ ગુનો કબૂલ હોવાનું જણાવતાં તેઓને આક્ષેપિત ગુનાઓ અંગે સજા થશે તેમ કોર્ટ દ્વારા સમજાવવામાં આવેલ, સજાની જોગવાઇ પણ સમજાવવામાં આવેલ. વળી, આરોપીને સ્વેચ્છાએ અને કોઇ પણ જાતના દબાણ વગર ગુનો કબૂલ કરેલ છે કે કેમ તે અંગે પૂછતાં આરોપીએ જણાવેલ છે કે, તેઓએ કોઇ પણ જાતના દબાણ વિના, પ્રલોભન વગર સ્વેચ્છાએ ગુનો કબૂલ કરેલ છે. આરોપીની કબૂલાત સ્વેચ્છાએ અને સ્વતંત્ર રીતે કરેલ હોવાની કોર્ટને ખાતરી થયેલ. આમ,ઉપરોકત હકીકતો ધ્યાને લઇ આરોપી નંબર : ૧ ની કબૂલાત અત્રેની અદાલત દ્વારા સ્વીકારવામાં આવે છે અને આરોપી નંબર : ૧ ને કબૂલાતના આધારે ક્રિમિ. પ્રોસી. કોડની કલમ-૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -:: હુ ક મ ::-

(૧) આરોપી હાજી ઉર્ફે સલીમ હાસમભાઇ સમા (સિંધી મુસ્લિમ)ને ભારતીય દંડ સંહિતાની કલમ-૩૯૪ મુજબના ગુના અંગે દસ વર્ષની સખ્ત કેદની સજા તથા રૂા.૨,૦૦૦/- અંકે રૂપિયા બે હજાર પૂરાનો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ ૨(બે) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૮ મુજબના ગુના અંગે દસ વર્ષની સખ્ત કેદની સજા તથા રૂા.૨,૦૦૦/- અંકે રૂપિયા બે હજાર પૂરાનો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ ૨(બે) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સદર આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૨ મુજબના ગુના અંગે એક વર્ષની સખ્ત કેદની સજા તથા રૂા.૧,૦૦૦/– અંકે રૂપિયા એક હજાર પૂરાનો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ ૧(એક) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૧૧ મુજબનો બનતો ન હોવાથી સદર ગુના સંદર્ભે કોઈ હુકમ કરવામાં આવેલ નથી.

(૫) આરોપીને કરવામાં આવેલ કેદની સજા તેઓએ એકસાથે ભોગવવાની રહેશે.

(૬) ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ ની જોગવાઈ મુજબ આરોપી જેટલો સમય કાચા કામના કેદી તરીકે જેલમાં રહેલ હોય તેટલો સમય તેઓને કેદની સજામાંથી મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) આ ચુકાદાની એક ખરી નકલ આરોપીને વિના મૂલ્યે પૂરી પાડવી.

(૮) આરોપી ઉમંગભાઇ અરવિંદલાલ કોટક (ઠક્કર) સામેની હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવી.

હુકમ આજ **તારીખ :** ૧૭ મી, **માહે :** માર્ચ, **સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૧૭/૦૩/૨૦૨૬.
**બારડોલી.**

**( પ્રિત કમલ તીરથ રામ )**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ, સુરત,
મુકામ : બારડોલી, જિલ્લો : સુરત.
U.I. CODE– GJ01594